નોમીનેશન ફોર્મ બાબત.

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**
ગુજરાત રાજય, **'વીમા અને લેખા ભવન'**,
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**ક્રમાંક : હિતિનિ/ટીસી/ફા.૧૩૪/નોમીનેશન/**૨૯૭૪ - ૨૯૦૨
તારીખ :૨૩- ૪ –૨૦૧૨.

**:: પરિપત્ર નંબર : ૫ / ૨૦૧૨**

વંચાણે લીધુઃ (૧) ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦ના નિયમ–૨૬૯
(૨) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ડીપીપી/૧૦૯૯/૪૯૬/૯૪૫(૪)/પી તા.૨૩/૬/૨૦૦૦
(૩) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ડીપીપી/૨૦૦૬/ડી–૨૦૧/પી તા.૩/૩/૨૦૦૭

➢ રાજય સરકારના પેન્શનરો / કુટુંબ પેન્શનરોના અવસાન બાદ તેઓના વારસદારોને લેણી નીકળતી બાકી રકમ મેળવવા સુગમતા રહે તે હેતુથી ઉપર વંચાણે લીધેલ નિયમ/ ઠરાવમાં જોગવાઈઓ થયેલ છે.

➢ પેન્શનર / કુટુંબ પેન્શનર દ્વારા સામાન્ય નિયુકિત ફોર્મ ભરવામાં આવેલ ન હોય, પેન્શન ચૂકવણા હુકમમાં નોમીનીનો ઉલ્લેખ થઈ આવેલ ન હોય, અથવા નોમીનેશન ફોર્મ ભરેલ હોય અને તેઓ સુધારેલ ફોર્મ રજૂ કરવા ઈચ્છે ત્યારે સેન્ટ્રલાઈઝડ પેન્શન ચૂકવણા પ્રથાના કારણે તાલુકા / ગ્રામ્ય કક્ષાના પેન્શનરોના પેટા તિજોરી કચેરીમાં પેન્શન રેકર્ડ ન હોવાના કારણે પેટા તિજોરી અધિકારીઓ દ્વારા આવા રજૂ થતાં નોમીનેશન ફોર્મ સ્વીકારવાની ના પાડવામાં આવે છે. તેવી રજૂઆત અત્રે મળેલ છે.

➢ આ પરિસ્થિતિના નિવારણ માટે પેન્શનરો/ કુટુંબ પેન્શનરો દ્વારા પેટા તિજોરી કચેરી ખાતે નોમીનેશન ફોર્મ રજૂ કરવામાં આવે ત્યારે પેટા તિજોરી અધિકારીઓએ પેન્શનર / કુટુંબ પેન્શનરના નોમીનેશન ફોર્મ ચકાસણી કરી આવા નોમીનેશન ફોર્મ ત્રણ નકલમાં સ્વીકારી આગળની કાર્યવાહી માટે તિજોરી અધિકારી ને રવાના કરવા.

➢ તિજોરી અધિકારીને આવા નોમીનેશન ફોર્મ મળ્યેથી જરૂરી ચકાસણી કરી, જિલ્લા તિજોરી કચેરીના રેકર્ડ પર જરૂરી નોંધ કરી નોમીનેશનની એક નકલ પેન્શનરના પીપીઓ સાથે રાખવી તથા બીજી નકલ પ્રમાણીત કરી સંબંધિત પેન્શનરને મોકલી આપવી અને ત્રીજી નકલ જો તેની કચેરી / ખાતાની માહિતી ઉપલબ્ધ હોય તો તે કચેરીને મોકલી આપવી.

➢ પેટા તિજોરી અધિકારીઓ દ્વારા ઉપરોકત સુચનાનું ચુસ્ત પાલન થાય તેની તકેદારી શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીઓએ રાખવાની રહેશે.

**સંયુકત નિયામક**
**(તિજોરી નિયંત્રણ)**

**નકલ રવાનાઃ–**

૧. શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી જિલ્લા તિજોરી કચેરી, ...................... તરફ જાણ તથા નિયંત્રણ હેઠળના પેટા તિજોરી અધિકારીશ્રીઓને જાણ કરવા તથા અમલ કરવા સારુ.

૨. તિજોરી અધિકારીશ્રી, પેન્શન ચૂકવણા કચેરી, અમદાવાદ / ગાંધીનગર તરફ જાણ તથા આપના જિલ્લાની પેટા તિજોરી અધિકારીશ્રીઓને જાણ કરવા તથા અમલ કરાવવા સારુ.

૩. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર તરફ જાણ સારુ.

E:\Raval\NBC\-134-.docx